# શ્રી સોમનાથ ટ્રસ્ટ - પ્રભાસ પાટણ

| | | |
|---|---|---|
| ૧. | કામની વિગત | : શ્રી સોમનાથ ટ્રસ્ટના સ્વસ્તિક પ્લાઝા શોપીંગ સેન્ટરમાં ફુડપ્લાઝામાં આઉટલેટ માટેની જગ્યા મેળવવા અંગે. |
| ૨. | સમય મર્યાદા | : ૩૫ માસ (પાંત્રીસ માસ) |
| ૩. | ટેન્ડર ફી | : રૂ.૧૦૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) (નોન રીફંડેબલ) |
| ૪. | સિકયોરીટી ડીપોઝીટ | : રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા) (રીફંડેબલ) |
| ૫. | ટેન્ડર પરત લેવાની તારીખ | : તા.૦૫-૦૬-૨૦૧૭ સાંજના ૧૭.૦૦ કલાક સુધી |
| ૬. | ટેન્ડર લઈ જનારનું નામ | : શ્રી........................................ |
| ૭. | ટેન્ડર લઈ જનારનું સરનામું | : ..............................................<br>: ..............................................<br>: ..............................................<br>: .............................................. |
| ૮. | ઈ-મેઈલ એડ્રેસ / વેબસાઈટ | : .............................................. |
| ૯. | ટેલીફોન / મોબાઈલ નંબર | : .............................................. |

૧૦. એજન્સીએ ટેન્ડર સાથે જોડવાના જરૂરી રજીસ્ટ્રેશન, સર્ટીફીકેટ, લાયસન્સ વિગેરેની વિગતો ::-

| | | | |
|---|---|---|---|
| (૧) | એપ્રવુવ્ડ ગવર્નમેન્ટ રજીસ્ટ્રેશન | (૬) | સર્વિસટેક્ષ રજીસ્ટ્રેશન |
| (૨) | કામના અનુભવના સર્ટીફિકેટ | (૭) | પાન કાર્ડ નંબર |
| (૩) | વેટ રજીસ્ટ્રેશન | (૮) | સી.એ.નું ટર્ન ઓવર સર્ટીફીકેટ |
| (૪) | લેબર લાયસન્સ | (૯) | પ્રોફેશનલ ટેક્ષ રજીસ્ટ્રેશન |
| (૫) | અંદાજીત રકમની ૨૦% ની બેન્ક સોલવન્સી | (૧૦) | આઈએસઓ સર્ટીફીકેટ ધરાવનારને અગ્રતા અપાશે. |

જનરલ મેનેજર
શ્રી સોમનાથ ટ્રસ્ટ

# જાહેરાત અંગેના ફોર્મના મુસદા

૧. શ્રી સોમનાથ ટ્રસ્ટના સ્વસ્તિક પ્લાઝા શોપીંગ સેન્ટરના પહેલા માળે ફુડ પ્લાઝા માટે કુલ ૦૪ વિવિધ ખાણી-પીણી, આઈસ્ક્રીમ વિગેરેના આઉટલેટ માટે જગ્યા શેરીંગના ધોરણે ફાળવવા અંગે.

૨. આઉટલેટ માટે જુદી જુદી ૦૪ (ચાર) જગ્યા માપ સાઈઝ નકશામાં દર્શાવ્યા પ્રમાણે છે. આ સાથે જોડેલ નકશા મુજબ ફાળવવાની છે. નકશામાં દર્શાવ્યા મુજબ જે તે સંબંધિત ખાણી-પીણીના આઉટલેટ નક્કી કર્યા પ્રમાણે ૦૧ જગ્યા માટે ૦૧ એજન્સીએ અરજી કરવાની રહેશે. તેમજ એક ફોર્મમાં એક જ જગ્યા માટે અરજી કરી શકાશે.

૩. હાલમાં કુલ ૦૪ જુદી જુદી આઈટમ માટેની જગ્યા નકશામાં દર્શાવ્યા મુજબના જેમાં (૧) સાઉથ ઈન્ડીયન, (૨) કાઠિયાવાડી, (૩) પંજાબી તથા (૪) આઈસ્ક્રીમ જેની એજન્સી દ્વારા સાઈટ વિઝીટ અગાઉથી કરી લઈ પસંદગી કરી અરજી કરવાની રહેશે.

૪. આ સાથે ફુડ પ્લાઝા અંગેના નકશા, માપસાઈઝની સોફટકોપી ઉપલબ્ધ છે.

૫. આ અંગે જરૂરી કર, લાગા, ટેક્ષ, ઈલેકટ્રીક બીલ, હાઉસટેક્ષ તથા અન્ય ભરવા પાત્ર રકમ એજન્સી દ્વારા ભરપાઈ કરવાની થશે.

૬. આ આઉટલેટ રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ) ડીપોઝીટ લઈ ૩૫ માસના સમયગાળા માટે આપવામાં આવશે અને આ રકમ રીફંડેબલ રહેશે અને આ રકમ સિકયોરીટી ડીપોઝીટ પેટે લેવામાં આવશે.

૭. આ અંગે રાંધીને તૈયાર કરેલ પ્રીપેડ કુક આઈટમની વેચાણ કિંમતના ૧૫ % શેરીંગ ટ્રસ્ટને ચુકવવાના રહેશે અને પેકેજડ આઈટમની કિંમતના ૦૫% લેખે ટ્રસ્ટને ચુકવવાના રહેશે.

૮. આ ફુડ પ્લાઝામાં દરેક ફુડ પ્લાઝાની આઈટમો મેળવવા માટેનું કાઉન્ટર કોમન રહેશે. આ કાઉન્ટરનો વહીવટ શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.

૯. ફુડ પ્લાઝાની રોજે રોજની આવકના શેરીંગની રકમ નકકી કર્યા પ્રમાણેની રોજે રોજ ટ્રસ્ટમાં જમા થશે, બાકીની રકમ સંબંધિત આઉટલેટરને આપવામાં આવશે.

૧૦. આઉટલેટ ધારક કંપની દ્વારા તમામ ચીજવસ્તુઓ ઈન્ટીરીયર ફર્નિચર, ક્રોકરી વિગેરે પોતાનું લાવવાનું રહેશે. તેમજ જરૂરી ફેરફાર વિગેરે પણ પોતેજ પોતાના ખર્ચે કરવાના રહેશે.

૧૧. આ અંગે નકકી થયેલ જે તે એજન્સી સાથે ફાઈનલ એગ્રીમેન્ટ લીવ એન્ડ લાયસન્સના કરારના ધોરણે એગ્રીમેન્ટ કરવામાં આવશે, જેની શરતો બંધનકર્તા રહેશે.

૧૨. આઉટલેટ ધારક દ્વારા ઉત્તમકક્ષાની આઈટમો તેમજ જરૂરી કોન્ટીટી-વજન તેની કિંમત વિગેરે અંગે પણ સ્પષ્ટતા કરવાની રહેશે, જરૂર જણાયે ટ્રસ્ટ સાથે નેગોશીએટ પણ કરવાનું રહેશે.

૧૩. ફુડ સેફ્ટીના નિયમોને ધ્યાનમાં રાખી તમામ વ્યવસ્થા કરવાની રહેશે., આમ છતા પણ આ અંગે કોઈપણ વાદ-વિવાદ કે જવાબદાર અધિકારીશ્રીઓ તથા કમિટિ મેમ્બરો દ્વારા સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવશે, આઈટમ નબળી જણાયે તેનો નાશ કરવાનો અબાધિત અધિકાર ટ્રસ્ટનો રહેશે. આ અંગે કોઈપણ પ્રકારના વાદ-વિવાદ અંગેનું ન્યાયિક ક્ષેત્ર ગીર-સોમનાથ જીલ્લો રહેશે.

૧૪. દરેક આઉટલેટરે સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની રહેશે, એઠવાડ વિગેરેનો યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

૧૫. આ માત્ર મુખ્ય શરતો જ લેવામાં આવેલ છે. બાકીની વિધિવત શરતો, કરાર વિગેરે એજન્સી ફાઈનલ થશે તેની સાથે અલગથી લીવ એન્ડ લાયસન્સ એગ્રીમેન્ટ કરવામાં આવશે, જેની તમામ શરતો એજન્સીએ ગ્રાહ્ય રાખવાની રહેશે.

૧૬. હાલ તુર્ત એજન્સીએ જાહેરાત, સંદર્ભે ડાઉનલોડ કરવામાં આવેલ માપ સાઈઝ સાથેનો નકશો હાલની મુખ્ય શરતો વિગેરેને કેન્દ્રસ્થાને રાખી ડાઉનલોડ કરેલ ફોર્મ ભરવાનું રહેશે, જેમાં દરેક પાને એજન્સીએ પોતાના સહી-સિક્કા કરવાના રહેશે.

૧૭. ફુડ પ્લાઝા માટેની જગ્યાની ફાળવણી કમિટિ દ્વારા ફાઈનલ યોગ્યતા નકકી કરી કરવામાં આવશે. આ અંગેના તમામ અધિકાર શ્રી સોમનાથ ટ્રસ્ટના અબાધિત રહેશે.

૧૮. આ અંગેના તમામ લાયસન્સ પોલીસી સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ એફ.એસ.એસ.આઈ. (ફુડ લાયસન્સ) વિગેરે ઉમેદવારે લેવાના રહેશે. તેમજ ખોરાક (ફુડ) અંગેની કોઈપણ ફરિયાદ થાય તો તેની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. તેમાં ટ્રસ્ટની કોઈપણ પ્રકારની અંગત જવાબદારી રહેશે નહીં. તેમજ સરકારશ્રી તરફથી મેળવેલ લાયસન્સ લોકો જોઈ શકે તે રીતે ડીસપ્લે કરવાના રહેશે.

૧૯. ૩૫ માસ બાદ કામગીરી સંતોષકારક જણાશે તો પાર્ટીને કોન્ટ્રાકટ રીન્યુ કરી શકાશે, આ માટે ટ્રસ્ટ સમિતિ દ્વારા કામગીરીનું મુલ્યાંકન કરી નિર્ણય લેવામાં આવશે. અન્યથા કોન્ટ્રાકટ રીન્યુ ન થાય તો જે તે હાલતમાં ટ્રસ્ટ દ્વારા સુપ્રત કરેલ જગ્યા જે સ્થિતિમાં સોંપવામાં આવેલ હોય તે સ્થિતિમાં પરત સુપ્રત કરવાની રહેશે.

૨૦. સદર આઉટલેટરે રીફન્ડેબલ ડીપોઝીટ પેટે રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ "શ્રી સોમનાથ ટ્રસ્ટ" પ્રભાસ પાટણની તરફેણનો રજુ કરવાનો રહેશે. જેનું આઉટલેટ મંજુર થશે તેની સદર રકમ સિકયોરીટી ડિપોઝીટ તરીકે ટ્રસ્ટ દ્વારા જમા રાખવામાં આવશે.

૨૧. સદર આઉટલેટરે આઉટલેટ માટેના ફોર્મ સાથે રૂા.૧૦૦૦/- ટેન્ડર ફી પેટે ટ્રસ્ટમાં ભરવાના રહેશે. અથવા તો ડી.ડી. સાથે જોડવાનો રહેશે. (ટેન્ડર ફી નોન રીફંડેબલ)